# (૧૬) 'સ્વીટ હોમ'ની સુંદર રેસીપી

## સ્વીટ હોમ એટલે...?

'સ્વીટ હોમ' એ ભારતીય સંસ્કૃતિની આગવી દેન છે, સંસારના સુખનું ઉદ્‌ભવ સ્થાન 'એક મીઠું ઘર' ગણાય છે, દૈવીય તત્ત્વો તેવા ઘરમાં વારંવાર આવે છે. સુખ–સમૃદ્ધિ કાયમી નિવાસ કરે છે, મનઃ શાંતિની અનુભૂતિ થયા કરે છે, જીવનમાં સ્વપ્નો સાકાર બને છે.

બાળકથી માંડીને વૃદ્ધ સુધીના તમામ સભ્યો આનંદ કિલ્લોલ કરતાં હોય અને સ્વર્ગના સુખની કંઈક આછેરી ઝલક જોવા મળે છે.

સંસારમાં વસતા સર્વ માનવોની એક અદમ્ય ઈચ્છા હોય છે કે મારે પણ 'એક ઘરનું ઘર હોય', પરંતુ સાચાં સુખને પામવાની ઈચ્છાવાળા દરેક પ્રબુદ્ધ મનુષ્યો ઈચ્છા રાખે છે કે, 'મારે નાનું પણ એક સુંદર મીઠું મઝાનું ઘર હોય', અનુભવી વૃદ્ધ પુરૂષોએ આ અંગે ઉંડા ચિંતનો રજૂ કર્યા છે. સુંદર અને સચોટ તારણો બતાવ્યાં છે. અનેક દિશાસૂચનો કર્યા છે પરંતુ આ સૂચનો ગહન છે તેથી તેને સરળ બનાવીને રોજિંદી પ્રવૃત્તિઓમાં ગુંથી લીધાં છે. સામાન્ય ઘરને 'સ્વીટ હોમ' બનાવવાની રેસીપી આ પ્રમાણે છે.

<u>નોંધ:–</u> 'સ્વીટ હોમ' બનાવતા પહેલાં <u>સ્વીટ લાઈફ</u> બનાવવી જોઈએ. તે માટે...

સહુ પ્રથમ જીવનરૂપી વાસણમાં ૨ કિલો, <u>નિખાલસતા</u> ભરો. બંને આંખોમાં એક કિલો <u>મીઠાશ</u> 'અમી નજર' ઉમેરો હોઠ પર અડધો કિલો <u>સ્મિત</u> ચડાવો અને હૃદયમાં બે મોટા ચમચા જેટલો <u>વિશ્વાસ</u> નાખી બધાને બરાબર હલાવો તે હલાવતાં હલાવતાં જીભ પર એક લીટર <u>સચ્ચાઈ</u>નુ પાણી નાખતા જાવ અને બધાને એક રસ કરી દો.

સમય જતા આથો ચડી રહે પછી વર્તનમાં ૨૦૦ ગ્રામ <u>નિઃસ્વાર્થ લાગણીનો</u> સુગંધી બાદશાહ મસાલો નાખો, <u>ધીરજના</u> ધીમા તાપે એને ગરમ કરો પછી નીચે ઉતારી તૈયાર થયેલા ઘટ્ટ મિશ્રણને <u>આનંદપાર્ટી</u>ની ચોકીમાં પથારી દો અને તેમાં યોગ્ય કદનાં ચોસલાં પાડતાં પહેલા <u>પ્રેમ</u>નો ડ્રાયફ્રુટ ચોતરફ ભરપૂર ભભરાવી દો તમારી અદ્‌ભુત વાનગી (સ્વીટ) વૈરાગ્યનાં ફ્રીજમાં મૂકી રાખો પછી જરૂર પડે ત્યારે તમારા સ્નેહી, સ્વજનો, પાડોશી, મિત્રો કે શત્રુઓને પણ તમે આ સ્વાદિષ્ટ વાનગીને ચખાડો. તમારી સ્વીટની ડીમાન્ડ ખૂબ વધી જશે. આ તદ્દન નવી વાનગીનું નામ છે.

<u>સ્વીટ લાઈફ</u> આ સ્વીટ લાઈફવાળી વ્યક્તિઓ જ્યાં જ્યાં વસે છે તે સ્થળ 'સ્વીટ હોમ' ગણાય છે.

## ઉપરની વાનગી માટેની સામગ્રીની સૂચિ

| | | |
|---|---|---|
| ૨ કિલો | નિખાલસતા | ૨૦૦ ગ્રામ નિ:સ્વાર્થ લાગણી |
| ૧ કિલો | મીઠાશ–અમીનજર | ભરપૂર ડ્રાયફ્રુટ = પ્રેમ |
| ૦॥ કિલો | સ્મિત | ધીમો ગેસ = ધીરજ |
| ૨ મોટા ચમચા | વિશ્વાસ | એક મોટું વાસણ = જીવન |
| ૦॥ લીટર | સચ્ચાઈ | એક ચોકી = આનંદ પાર્ટી |
| | | એક ફ્રીજ = વૈરાગ્ય |

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु